અપીલ અરજી નં.૬૨૫ તા.૨૩–૧–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ધનજીભાઈ કે. પટેલ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ધનજીભાઈ કે. પટેલની તા. ૦૮–૧૨–૧૧ની અરજીથી સુરત મહાનગરપાલિકા દ્વારા મંજૂર થયેલ વિકાસ પરવાનગી નં. ટીડીઓ/ડીપી ૨૭૬ તા. ૧૬–૧–૦૯ મુજબ મંજૂર થયેલ વિકાસ પરવાનગી મુજબ મુદ્દા નં.(A) બાંધકામ શરૂ થયાનું સર્ટીફિકેટની સંપૂર્ણ નકલ ( B) બાંધકામ પૂર્ણ(પૂરું) થયાનું સર્ટીફિકેટની સંપૂર્ણ નકલ વિ. મુદ્દા નં. (A) થી ( F) ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૩–૧–૧૨ ની **SMC/FAP/** નં.૬૨૫ /૨૦૧૧–૧૨

શ્રી ધનજીભાઈ કે. પટેલની તા. ૦૮–૧૨–૧૧ની અરજીથી સુરત મહાનગરપાલિકા દ્વારા મંજૂર થયેલ વિકાસ પરવાનગી નં. ટીડીઓ / ડીપી ૨૭૬ તા. ૧૬–૧–૦૯ મુજબ મંજૂર થયેલ વિકાસ પરવાનગી મુજબ મુદ્દા નં.(A) બાંધકામ શરૂ થયાનું સર્ટીફિકેટની સંપૂર્ણ નકલ (B) બાંધકામ પૂર્ણ (પૂરું) થયાનું સર્ટીફિકેટની સંપૂર્ણ નકલ વિ. મુદ્દા નં. (A) થી (F) ની માહિતી આપવા બાબતે કોઈ પણ પ્રકારની માહિતી કે નિર્ણય મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૩–૧–૧૨ ના રોજ વરાછાઝોન ખાતે અપીલ કરવામાં આવેલ છે. જે અત્રેના વિભાગને તા.૧૬–૨–૧૨ ના રોજ મળેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા અપીલ ત્રણ સપ્તાહ વિલંબથી તબદીલી માટે સ્પષ્ટતા સહ જવાબદારની વિગત તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૭૮૫ તા.૧૭–૨–૧૨ થી** એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારને જાહેર માહિતી અધિકારીના તા. ૨–૨–૧૨ના પત્રથી મળેલ માહિતી બાદ નારજગી હોય, તો તે અંગે આપનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૭૧૫ તા.૭–૩–૧૨ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, નોંધ વિભાગ તથા અરજદાર તરફથી અરજી પરત ખેંચ્યા અંગેની તા.૩–૩–૧૨ ની મુળ અરજી અત્રે મળેલ છે.

અરજદારની તા.૦૮–૧૨–૧૧ ની આઈ ડી નં.૧૩૦૩ સુરત મહાનગરપાલિકા દ્વારા મંજૂર થયેલ વિકાસ પરવાનગી નં. ટીડીઓ / ડીપી ૨૭૬ તા. ૧૬–૧–૦૯ મુજબ મંજૂર થયેલ વિકાસ પરવાનગી અંગે મુદ્દા નં.એ થી એફ સુધીની માહિતી માંગણી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે આપવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૬૯૧ તા.૯–૧૨–૧૧ થી નિયત સમય અવધિમાં ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ અને કાર્યપાલક ઈજનેર વરાછાઝોનને તબદીલ કરવામાં આવેલ. મધ્યસ્થ શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૪૨૬ તા.૩૧–૧૨–૧૧ થી કાર્યપાલક ઈજનેર વરાછાઝોનને તબદીલ કરવામાં આવેલ. જે અંગે નિયત સમય અવધિમાં કોઈ પણ પ્રકારની માહિતી મળેલ નથી કે નિર્ણય મળેલ નથી તેવું જણાવી અરજદારે તા.૨૩–૧–૧૨ ના રોજ વરાછાઝોન ખાતે અપીલ અરજી કરવામાં આવેલ. જે વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટ/૭૧૫ તા.૧૬–૨–૧૨ ના રોજ અત્રે મળેલ. જેની સાથે અરજદારની મુળ અરજીની નકલ , સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૬૯૧ તા.૯–૧૨–૧૧ તબદીલ થયેલ પત્રની નકલ , શહેર વિકાસ વિભાગ તરફથી ટીડીઓ/૪૨૬ તા.૩૧–૧૨–૧૧ થી કાર્યપાલક ઈજનેર વરાછાઝોનને તબદીલ પત્રની નકલ અને અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૭૧૫ તા.૨–૨–૧૨ ના પત્રની નકલ અત્રે મળેલ છે. મુદ્દા નં.(એ) બાંધકામ શરૂ થયાનું સર્ટીફિકેટની સંપૂર્ણ નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર બાંધકામ શરૂ થયાનું સર્ટીફીકેટ રજૂ કરેલ હોય એવી કોઈ માહિતી કચેરીના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. (બી) બાંધકામ

પૂર્ણ (પૂરું) થયાનું સર્ટીફિકેટની સંપૂર્ણ નકલ. . તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર બાંધકામ શરૂ થયાનું સર્ટીફીકેટ રજૂ કરેલ હોય એવી કોઈ માહિતી કચેરીના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ(સી) બિલ્ડીગ યુઝ સર્ટીફીકેટની સંપૂર્ણ નકલ. . તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર બાંધકામ શરૂ થયાનું સર્ટીફીકેટ રજૂ કરેલ હોય એવી કોઈ માહિતી કચેરીના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ.(ડી) ગટરનું જોડાણ કેવી રીતે આપેલ છે (કેવી રીતે મેળવેલ છે) તેની સંપૂર્ણ વિગત તારીખ સાથે (કઈ કઈ) તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કચેરીના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે.(ઈ) ઉપરોકત મંજુર પ્લાનમાં એસએમસીની શું શું જવાબદારી હોય છે અને તે જવાબદારો કયા કયા અધિકારીઓએ કરવાની હોય છે તે તમામ અધિકારીઓના નામ અને હોદ્દાની સંપૂર્ણ વિગત તારીખ સાથે આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સુમપા ધ્વારા મંજુર થયેલ પ્લાન મુજબ ડીસીઆરની જોગવાઈઓ મુજબ બાંધકામ થાય છે કે કેમ તે જોવાની જવાબદારી સંબધિત અધિકારીઓની હોય છે. સદર મંજુર પ્લાન થયાની તા.૧૬–૧–૦૯ થી આજ દિન સુધી ફરજ બજાવનાર અધિકારીઓની વિગત નીચે મુજબ છે. (૧) જુની. ઈજનેર જયેશ શાહ, તેમજ જુની. ઈજનેરશ્રી શ્રી જે. કે. પારેખ. (૨) ડે.ઈજનેરશ્રી જયેશ સોલંકી (૩) કાર્યપાલક ઈજનેર શ્રી ભરત દલાલ. (૪) આસી. ઈજનેર એન.આર. ગાયવાલા (૫) ડે.ઈજનેર આર.એસ પટેલ (૬) કાર્યપાલક ઈજનેર શ્રી પી ડી મુનશી (એફ) ઉપરોકત મંજુર પ્લાનમાં આર્કી./એન્જી. ની કઈ કઈ (શું શું ) જવાબદારીઓ હોય છે તે તમામના નામ અને સરનામાની વિગત આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર મંજુર પ્લાનમાં ડીસીઆરની જોગવાઈઓ મુજબ આર્કી./એન્જી.ની જવાબદારીઓ હોય છે. સદર મંજુર પ્લાન એન્જી. શ્રી નિલેશ જે. પટેલ ઓ –૧૪ મેઝેનાઈન ફલો પંચરત્ન ટાવર લંને હનુમાન રોડ, સુરત. ૩૯૫૦૦૬ હસ્તક મંજુર થયેલ છે. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. વધુમાં જાહેર માહિતી અધિકારીએ આપેલ પૂરક વિગતોમાં અરજદારે તા.૩–૩–૧૨ ના પત્રથી સદર અરજી માંગ્યા મુજબની નકલો મળી ગઈ હોય જવાબની જરૂર નથી અને તેમણે કરેલી અરજી લેખિત સંમતિથી પરત ખેંચેલ છે. આથી અરજદારની અરજી પરત ખેંચેલ હોઈ અપીલ ચલાવવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી. વધુમાં તેમની અરજી પરત ખેંચ્યાનું ગ્રાહય રાખી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

અરજદારની પ્રથમ અપીલ તા. ૨૩–૧–૧૨ ધ્યાને લેતાં ૨૧–૨–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત તા ૦૭–૦૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. અને માર્ચ ૨૦૧૨ દરમ્યાન ૧૭૭ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૬૭ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૦૮–૧૨–૧૧ ની આઈડી નં. ૧૩૦૩ની અરજીથી માંગવામાં આવેલ માહિતી અંગે અરજદાર તરફથી તા.૩–૩–૧૨ ના રોજ અરજી પરત ખેંચેલ હોઈ અપીલ અંગે વિશેષ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.તેમની પરત ખેંચતી અરજી ગ્રાહય રાખી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)...જાણ તથા અમલ માટે
(૨) શ્રી ધનજીભાઈ કે. પટેલ